ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

ગાંધીનગરમાં એક સપ્તાહ બાદ ગરમીનો પારો દોઢ ડીગ્રી નીચે ઉતર્યો

છેલ્લા પાંચ સાત દિવસથી મહત્તમ તાપમાનમાં સતત વધારો થતો હતો : ગઇકાલે સિઝનની રેકર્ડ બ્રેક ગરમીના અંતે આજે ગરમીનુ જોર થોડુ ઘટયુ : રજાના દિવસે ગરમીની અસરથી શહેરમાં સન્નાટો છવાયો

ગાંધીનગર તા ૧૪

ગાંધીનગરમાં આકરી ગરમીનુ જોર યથાવત છે. જો કે ગઇકાલની સાપેક્ષમાં આજે ગરમીમાં અંશત : ઘટાડો નોંધાયો હતો ગરમીનો પારો ૧.૫ ડીગ્રી નીચે ઉતર્યો હતો. આજે મહત્તમ તાપમાન ૪૨.૯ ડીગ્રી રહ્યા હતુ.

ત્રણ દિવસના અંતે ગરમીનો પારો ૪૩ ડીગ્રીની નીચે આવ્યો હતો. છેલ્લા એક સપ્તાહથી ગાંધીનગર શહેર કાતિલ ગરમીની ગિરફતમાં છે. ત્યારે હીટવેવથી બચવા માટે નગરજનો ઘરમાં રહેવાનુ જ પસંદ કરે છે. આજે પણ રજાના દિવસે સેકટરોમાં સન્નાટો છવાયેલો રહ્યો હતો. સતત હીટવેવના લીધે નગરજનો બેબાકળા બન્યા છે. આકરી ગરમની અસરથી બપોરના સમયે સેકટરોમાં જાણે કરફયુ જેવી સ્થિતિ જોવા મળે છે. છેલ્લા ૧૦ દિવસથી ગરમી પ્રકોપનુ સામ્રાજય રહેતા જનજીવન વિશેષ પ્રભાવિત છે.

ગાંધીનગરમાં છેલ્લા ૧૦ દિવસથી ગરમીનુ જોર વધ્યુ છે. મેં મહીનાના પ્રારંભ બાદ ધીમે ધીમે ગરમીનુ પ્રમાણ વધતા છેલ્લા ચાર દિવસથી સિઝનની રેકર્ડ બ્રેક ગરમીના અંતે આજે ગરમીનો પારો અંશત : નીચેની તરફ સરકયો છે. જો કે મહત્તમ તાપમાન હજુ ૪૨ ડીગ્રીની પાર છે. અલબત્ત ગઇકાલની સાપેક્ષમાં ગરમીનો મિજાજ થોડો હળવો પડયો છે. આજે ગરમીનો પારો ૪૨.૯ ડીગ્રી રહ્યો હતો ગઇકાલે મહત્તમ તાપમાન ૪૪.૪ ડીગ્રી નોંધાતા સિઝનની આકમક અને રેકર્ડ બ્રેક ગરમી નગરજનોએ અનુભવી હતી. છેલ્લા એક સપ્તાહથી સતત ઉપર ચઢતા ગરમીના પારાની સાથે લઘુત્તમ તાપમાન પણ છેલ્લા કેટલાક દિવસોમાં ૬ ડીગ્રી ઉંચકાયુ છે. જેના લીધે રાત્રિના સમયે પણ મોડા સુધી ગરમ પવન ફુંકાતો હોવાનો અહેસાસ નગરજનો કરી રહ્યા છે. આકરી ગરમીમાં સેકટરોમાં પાણીનો વપરાશ વધ્યો છે. તો બીજીતરફ ગરમીમાં પાણીની સાથે અન્ય પ્રવાહી પણ વધુ પીવા માટે નગરના તબીબોએ સલાહ આપી છે. જયારે પાણીનો વપરાશ વધવાની સાથે શહેરમાં સપ્લાય થતા પાણી પુરવઠામાં ક્લોરિનેશનની યોગ્ય માત્રા જળવાઈ રહે તે માટે પણ તંત્ર દ્વારા સતત ખ્યાલ રાખવામાં આવી રહ્યો છે. ત્યારે દિવસે સુનકરા વચ્ચે

● અનુસંધાન પાન-૭ પર

સોમવારથી ગરમી ઘટશે અને ગરમ પવનો રહેશે : હવામાન-પૂર્વાનુમાન

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર શહેર-જિલ્લામાં સોમવારથી ગરમીનું પ્રમાણ ઘટશે. સોમવારે ગરમી થોડીક જ ઘટશે પરંતુ મંગળવારથી તાપમાનમાં ઘટાડો જોવા મળશે. કૃષિ યુનિ. દાંતીવાડાના હવામાનશાસ્ત્ર વિભાગ દ્વારા ૧૩ થી ૧૭ મે-૨૦૨૩ દરમ્યાન હવામાન-પૂર્વાનુમાન કરતા આ સંકેતો આપવામાં આવ્યા છે.

હવામાન પૂર્વાનુમાન અને કૃષિ સલાહ બુલેટીનના અંક નં. ૪૨માં આ પૂર્વાનુમાનના સંકેતો આપતાં જણાવાયુ છે કે આકાશ મોટાભાગે ચોખ્ખુ રહેશે. વરસાદ પડવાની શક્યતા નથી. સોમવારે તાપમાનનો પારો ૪૨ ડિગ્રી રહેવાની સંભાવના છે જ્યારે મંગળવાર-બુધવારે તાપમાનમાં બે ડિગ્રીના ઘટાડા સાથે ૪૦ ડિગ્રી મહત્તમ તાપમાન રહેવાનું પૂર્વાનુમાન છે. આ ત્રણેય દિવસ દરમ્યાન લઘુત્તમ તાપમાન ૨૫ ડિગ્રી સે. રહેવાનું પૂર્વાનુમાન છે. હવામાં ભેજનું પ્રમામ ૯ થી ૭૪ ટકા વચ્ચે રહેવાની સંભાવના છે. પવનની સરેરાશ ગતિ ૧૮ થી ૨૪ કિ.મી. પ્રતિ કલાક રહેશે.

ઉનાળુ પાકોના વાવેતરમાં નીંદણ અને આંતરખેડ કરવાની સલાહ આપવામાં આવી છે. આગામી દિવસોમાં તાપમાન ઘટશે પણ લૂ ના વાયરા વહેશે. જિલ્લામાં આ વખતે ગરમીના દિવસોમાં પારો ૪૪.૬ ડિગ્રી સે. સુધી પહોંચ્યો છે. ગત સપ્તાહમાં ગરમીનો મહત્તમ પારો ૪૩.૭ ડિગ્રી અને લઘુત્તમ તાપમાનનો પારો ૨૧.૫ ડિગ્રી સે. નોંધાયો છે.

શહેરમાં પહેલીવાર પાંચ વનકવચ ઉભા કરાશે

મિયાવાકી જંગલ પદ્ધતિને મોડીફાઈડ કરી ''વનકવચ'' ઉભા કરવાની કવાયતને અંતિમ રૂપ ટૂંકમાં અપાશે : ૩ જેટલા વનકવચ શહેરની હદને ફરતાં બનાવવામાં આવે તેવી સંભાવના

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર શહેરમાં મીયાવાકી યોજનામાં મોડીફેકેશન સાથે પાંચ વનકવચ ઉભા કરવાનું આયોજન વન વિભાગ દ્વારા હાથ ધરવા માટેની કવાયત તેના અંતિમ તબક્કામાં પ્રવેશી હોવાનું જાણવા મળેલ છે.

વન વિભાગના વિશ્વસનીય સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ગાંધીનગરને ગ્રીનસીટીનું બિરૂદ પુનઃ પ્રાપ્ત થાય તે માટેનો રોડમેપ તૈયાર કરવામાં આવી રહ્યો છે અને તેના પ્રથમ ચરણમાં આ વનકવચ ઉભા કરવામાં આવશે.

વન વિભાગના સૂત્રોના જણાવ્યાનુસાર મીયાવાકી જંગલ પદ્ધતિમાં કેટલાક સુધારા-વધારા સાથે વનકવચ યોજના તૈયાર કરવામાં આવી રહી છે. આ વનકવચ વિસ્તારમાં બે હજાર જેટલા વૃક્ષોનું વાવેતર કરવામાં આવશે. જો કે આ વૃક્ષો ટુંકા મૂળ ધરાવતા હશે કે કેમ તે સહિતના ઘણા બધા નીતિ વિષયક નિર્ણયો હવે પછી લેવામાં આવશે.

વન વિભાગના સૂત્રોના જણાવ્યાનુસાર ગાંધીનગર શહેરમાં પાંચ સ્થાનો પર આ વનકવચ ઉભા કરવાના નિતી વિષયક નિર્ણયની સૈદ્ધાંતિક સ્વીકૃતિ આપી દેવામાં આવી છે અને આ અંગેના પાંચ સ્થાનોને ઓળખી કાઢવા માટેની કવાયત પણ હાથ ધરી દેવામાં આવી છે.

ગાંધીનગરમાં આ વખતે વૃક્ષોના વાવેર સાથે તેના જતન અને જાળવણીને લઈ ખાસ ભાર મુકવામાં આવનાર છે. શહેરમાં વૃક્ષોનું વાવેતર કરવા માટેનું આયોજન પણ આખરી તબક્કામાં હોવાનું વન વિભાગના સૂત્રોએ જણાવ્યુ છે.

મળતા સંકેતો પ્રમાણે પાંચ વનકવચમાંથી ત્રણ વનકવચ તો શહેરની હદને ફરતા બનાવવામાં આવી શકે તેવી સંભાવનાઓ છે. આ ઉપરાંત બે સ્થાનો ગાંધીનગર શહેરની વધેલી હદના વિસ્તારમાં ઉભા કરવામાં આવી શકે તેવી સંભાવનાઓ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં મીયાવાકી જંગલોના નિર્માણ કરવામાં ધારી સફળતા મળી નથી એટલે આ યોજનાને મોડીફાઈડ કરવામાં આવી હોવાનું પણ વન વિભાગના સૂત્રોએ જણાવ્યુ છે.

આર ટી ઓ માં ઈન્સ્પેક્ટર્સ અને કલાર્ક બોડી વોર્ન સિસ્ટમ કીટથી સજ્જ કરાયા

કર્મચારીઓની ગતિવિધિ પર દેખરેખ રહેશે : ગેરવર્તણુંક કે હુમલા થવા સહીતના કીસ્સામાં પણ બોડી વોર્ન કેમેરા ઉપયોગી નિવડશે : પ્રથમ તબક્કામાં કુલ આઠ કેમેરા આપવામાં આવ્યા છે

ગાંધીનગર તા ૧૪

ગાંધીનગરના ગ માર્ગ પર સ્થિત આર ટી ઓ કચેરીમાં અનેકવાર અરજદારો આક્રોશ ઠાલવતા નજરે પડે છે. એક યા બીજા બહાને ધક્કે ચઢતા અરજદારોની સમસ્યાનો ઝડપી નિકાલ થાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી હોવાની વાત પણ અત્યાર સુધીમાં અનેકવાર આર ટી ઓ તંત્રએ કરી છે. જો કે આ સ્થિતિ વચ્ચે આરે ટી ઓ કચેરી પાસે જ ટ્રાફિક નિયમન ન જળવાતુ હોવાનો રોષ પણ સ્થાનિકા ઠાલવી રહ્યા છે. નગરના ગ માર્ગ પર વચાળે જ વાહનો ખડકી દેવામાં આવે છે જયારે આડેધડ પાર્કીંગ અને દબાણથી ઘેરાયેલા આ વિસ્તારમાં માર્ગ સલામતી સામે પણ અનેકવાર સવાલો મંડરાયા છે. સ્થાનિકોએ રજુઆત પણ કરી છે. આમછતા હજુ સુધી સ્થિતિમા સુધાર આવ્યો નથી બીજીતરફ આર ટી ઓ કચેરીમાં એજન્ટ પ્રથા બંધ કરવાની વાત પણ અધ્ધરતાલ છે. આર ટી ઓમાં એજન્ટ પ્રથા બંધ કરવા માટે અનેકવાર પ્રયાસો કરવામાં આવે છે. ઓનલાઇન સિસ્ટમ અમલ કરવાની સાથે એજન્ટોને કચેરીમાં પ્રવેશ નહીં આપવા દેવા માટે સમયાંતરે જાહેરનામુ પણ બહાર પાડવામાં આાવે છે. જો કે પારદર્શ અને ઝડપી વહીવટીની વાતો કરતા આર ટી ઓ તંત્રની કચેરીમાં એજન્ટોના આંટાફેરા ઓછા થતા નથી. આ સ્થિતિ વચ્ચે આર ટી ઓમાં હવે બોડી વોર્ન કેમેરા આપવામાં આવ્યા છે. કલાર્કથી લઈ ઈન્સ્પેકેટર સુધીના કર્મચારીઓન હાઈરીઝોલ્યુશન કેમેરા આપવામાં આવ્યા છે. બોડી

● અનુસંધાન પાન-૭ પર

ગુજરાતમાં આંધી-તોફાનની આગાહી : હજુ ગરમી વધશે

જાણીતા હવામાનશાસ્ત્રી અંબારામ દા. પટેલે આગાહી કરી છે કે આગામી દિવસોમાં ગુજરાતના ઘણા ભાગોમાં આંધી-તોફાન-વંટોળનુ જોર વધશે

ગાંધીનગર, તા. ૧૪

એક તરફ ભીષણ ગરમી અને ક્યાંક ક્યાંક માવઠાની આફત વચ્ચે હવે ગુજરાત પર આંધી-તોફાનની આફત ત્રાટકી શકે છે. આગામી દિવસોમાં જ ગુજરાતના ઘણા ભાગોમાં આંધી-તોફાન અને વંટોળનું જોર રહેશે જ્યારે હજુ ભીષણ ગરમી પણ પડી શકે છે.

ગાંધીનગર સહિત સમગ્ર ગુજરાતમાં હાલમાં કાળઝાળ ગરમી પડી રહી છે. હજુ પણ વાતાવરણમાં ફેરફાર આવી શકે છે. જાણીતા હવામાનશાસ્ત્રી અંબારામ દા. પટેલે હવામાનમાં પુનઃ ફેરફાર થશે તેવી આગાહી વ્યક્ત કરી છે. તેમણે જણાવ્યુ છે કે આગામી દિવસોમાં રાજયના ઘણા વિસ્તારોમાં આંધી-વંટોળ અને વાવાઝોડાનુ જોર રહેશે. ધૂળની ડમરીઓ ઉડશે અને પવનની ગતિ તેજ બનશે. આંધી સાથે કેટલાક વિસ્તારોમાં સ્થાનિક સ્તરે વરસાદી ઝાંપટા પડી શકે છે. જો કે આંધી-તોફાનની સાથોસાથ ગરમીનુ જોર પણ વધશે. સૌરાષ્ટ્ર-કચ્છના વિસ્તારો, મધ્ય અને ઉત્તર ગુજરાતના વિસ્તારોમાં મહત્તમ તાપમાન ૪૩ ડિગ્રી સુધી જઈ શકે છે.

આ સાથે જ વરસાદી ગતિવિધિઓ શરૂ થવાની સંભાવનાઓ છે. ૨૮મી મે થી જૂન મહિનાના પ્રારંભ સુધી ગુજરાતના ઘણા ભાગોમાં પ્રિ-મોન્સુન એક્ટીવીટી થઈ શકે છે. પ્રિ-મોન્સુન એક્ટીવીટીના ભાગરૂપે વરસાદ પણ પડી શકે છે.

માવઠાના કારણે કેરીનો સ્વાદ બગડ્યો

આ વર્ષે કેસર કેરી અને વલસાડી કેરીના ભાવ ઓછા હોવા છતાં કેરી ખાવાની મજા આવતી નથી : માવઠાના કારણે કેરીનો સ્વાદ ફરી ગયો : ગુણવત્તા પર વિપરીત અસર

ગાંધીનગર, તા. ૧૪

બજારમાં કેરીઓ આવી ગઈ છે અને તેનુ ધૂમ વેચાણ થઈ રહ્યુ છે પરંતુ કેરીના રસિયાઓ ફરિયાદ કરી રહ્યા છે કે કેરી ખાવાની હજુ મજા આવતી નથી. આ વર્ષે પડેલા વારંવારના માવઠાના કારણે કેરીની ગુણવત્તા પર વિપરીત અસર થઈ છે. તેના સ્વાદ, સુગંધ અને આકાર પર અસર જોવા મળી રહી છે.

ગુજરાતમાં આ વર્ષે માર્ચ મહિનાના પ્રારંભથી જ માવઠાનુ જોર રહ્યુ વારંવાર પડી રહેલા માવઠાના કારણે ખેત ઉત્પાદન પર ભારે અસર થઈ છે. ખાસ કરીને કેરીના ઉત્પાદન પર વિપરીત અસર થઈ છે. આ વર્ષે બજારોમાં કેરી મોડી આવી છે. છેલ્લા કેટલાય દિવસોથી બજારોમાં કેરીનો પાક ઠલવાયો છે. પરંતુ તેની ગુણવત્તા જોઈએ તેવી નથી. કેરીના રસિયાઓ ફરિયાદ કરી રહ્યા છે કે દર વર્ષે મે મહિનામાં કેસર કેરીની મોસમ જામે છે પરંતુ આ વર્ષે આવેલી કેરીની ગુણવત્તા નબળી છે. કેરીના ભાવો ગત વર્ષ કરતા ઓછા છે તેમ છતાં કેરી ખાવામાં મજા આવતી નથી. વારંવાર પડેલા માવઠાના કારણે કેરીની

● અનુસંધાન પાન-૭ પર

CISCEમાં ધો-૧૦માં શર્વી વ્યાસે ૯૫ ટકા મેળવ્યા

ગાંધીનગર, તા.૧૪

કાઉન્સિલ ફોર ઈન્ડીયન

સ્કૂલ સર્ટિફિકેટ એક્ઝામિનેશન (CISCE) એ આજે ધોરણ ૧૦ અને ધોરણ-૧૨ની પરીક્ષા નું પરિણામ જાહેર કર્યું છે. જેમાં ગાંધીનગરની જમનાબાઈ નરસી સ્કૂલની શર્વી કુણાલ વ્યાસે ધોરણ-૧૦માં ૯૫ % મેળવીને સમગ્ર ગાંધીનગરનું ગૌરવ વધાર્યું છે.

શર્વી વ્યાસ અભ્યાસેત્તર પ્રવૃત્તિઓમાં પણ ઉજ્જ્વળ કારકિર્દી ધરાવે છે. નૃત્ય અને વક્તૃત્વ ઉપરાંત ચિત્ર અને રમતગમતમાં પણ શાળા કક્ષાએ અને શહેર કક્ષાએ મોખરે રહે છે. શહેરના યુવા વેપારી કુણાલ વ્યાસની દિકરી શર્વીને સૌ ચારે તરફથી અભિનંદન વર્ષા થઈ રહી છે.

૫ મી જૂન વિશ્વ પર્યાવરણ દિવસે ખાસ ગ્રામ સભાઓ યોજવામાં આવશે

લાઈફ એક્શનના ૩૫ મુદ્દાઓને લઈ ચર્ચાઓ થશે

ગાંધીનગર, તા. ૧૪

આગામી વિશ્વ પર્યાવરણ દિવસે જિલ્લામાં ખાસ ગ્રામસભાઓનું આયોજન તંત્ર દ્વારા હાથ ધરવામાં આવ્યુ છે.

આ ખાસ ગ્રામસભામાં લાઈફ એક્શનના ૩૫ જેટલા મુદ્દાઓને લઈ ચર્ચા કરવામાં આવનાર છે.

ગ્રામીણ જીવનમાં બદલાવ આવે તે માટે આ ૩૫ લાઈફ એક્શન મુદ્દાઓ પર ચર્ચા કરવાનો આગ્રહ કરવામાં આવ્યો છે. જેમાં એલઈડી બલ્બનો વપરાશ, પબ્લીક ટ્રાન્સપોર્ટનો મહત્તમ ઉપયોગ કરવા, સાયકલનો વપરાશ ટુંકા અંતર માટે કરવા, જળસંચય અભિયાન, પ્લાસ્ટીકયુઝ ઘટાડવા, નાડા ધાન્યનો ખાદ્ય ખોરાકમાં ઉપયોગ વધારવા, પ્રાકૃતિક ખેતી, વધુ વૃક્ષો વાવવા, ઈ.વેસ્ટનો નિકાલ સહિતના મુદ્દાઓ ગ્રામસભાની ચર્ચા માટે સૂચવવામાં આવ્યા છે.

આ મુદ્દાઓ મિશન લાઈફ સ્ટાઈલ ફોર ધ એન્વાર્યમેન્ટ સાથે પરામર્શમાં રહી ગ્રામસભા માટે નિયત કરવામાં આવ્યા હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે લાઈફ એક્શનના આ કયા મુદ્દાઓને લઈ પંચાયત ઘરો પર ખાસ બોર્ડ બનાવવા પર પણ ભારત સરકારે ભાર મુક્યો છે.

ભારત સરકારે આ વર્ષે વિશ્વ જળ દિવસે ગ્રામસભાઓ યોજવા માટે આપેલી સૂચનાઓ પછી હવે વિશ્વ પર્યાવરણ દિવસે પણ આવી ગ્રામસભાઓ યોજવા સૂચના આપતાં તંત્ર હરકતમાં આવ્યુ છે.

રાજ્યના પંચાયત વિભાગ દ્વારા આ ગ્રામસભાઓના આયોજનો ગ્રામીણ વિસ્તારમાં કરવાના આયોજન માટે તંત્રને આપી દીધી હોવાનું જાણવા મળેલ છે. જો કે ગ્રામસભાના એજન્ડામાં અન્ય મુદ્દાઓ પર જે ચર્ચા કરવાની થશે તે ટુંકમાં જ પંચાયત વિભાગ દ્વારા તૈયાર કરી મોકલી આપવામાં આવશે તેમ જાણવા મળેલ છે.

વિષય પારંગત અને વિવેકી તે શિક્ષક : મોરારિબાપુ

"માનસ- આચાર્ય "દ્વિતીય દિવસની કથામાં મોટી સંખ્યામાં રામભક્તો



ગાંધીનગર

પુ. મોરારિબાપુ દ્વારા ગાંધીનગરના વલાદ ગામ પાસે નિજાનંદ ફાર્મમાં ગવાઈ રહેલી "માનસ- આચાર્ય "રામકથા દ્વિતીય દિવસે સાધુ અને શિક્ષકના સંવાદ સાથે સંપન્ન થઈ.

ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ અને નિજાનંદ ગ્રુપના શ્રી ડાયાભાઈ ભરવાડ તથા શ્રી હીરાભાઈ ભરવાડના યજમાનપદે યોજાયેલી ૯૧૭ મી રામકથામાં પોતાની વાણીને મુખર કરતાં પુજ્ય મોરારીબાપુએ કહ્યું કે સાધુની ઓળખ કે પરિચય કે પછી વ્યાખ્યા ખૂબ અઘરી છે. હમણાં જ મને કોઈએ સાધુના દર્શન માત્રનો મહિમા તરફ દ્રષ્ટિપાત કરવાં કહ્યું. સાધુનું એક એક કદમ ગદ્ય છે અને એક પદ્ય પણ છે. તે જીલુદાન ગઢવીના કહેવા મુજબ "બેઠો પણ બોલે નહીં, ઉભો થાય તો કહે નહીં" તેવા તે લક્ષણ ધરાવે છે. તેને મન જાતિ પાતીનો કોઈ ભેદ હોતો નથી. વર્ણ વ્યવસ્થા ખાતર જે હોય તે પરંતુ તે એક પ્રકારનો વિકાર છે. જાતપાતના ઢીમણા થઈ ગયાં છે. બધાંએ આ ભેદને ભેદીને એક્ય સાધવું હોય તો કોઈ વચ્ચે કોઈ પડદો ન હોવો જોઈએ.પડદો ન રાખે તે રામ નામ. પોતાના સુખ વગર જે શાંત રહી શકે તે સાધુ. બધું છૂટી જાય તો શાંતિ મળે અને શાંતિ પછી ન ધ્યેય બચે કે ન ધ્યાન બચે. સાધુમાં સાદગી હોય ! " સાદગી સુંગાર બન ગઈ ,અપનો કી હાર હો ગઈ" સત્ય બોલે તે સાધુ, સત્યમ બ્રુયાત્ પ્રિયમ બ્રુયાત્." ધૂપ કરે પરંતુ ધુમાડો ન કરે તે સાધુ!

શિક્ષક જીવન પર સંવાદ કરતાં બાપુએ કહ્યું કે શિક્ષક શબ્દ યોગ્ય જગ્યાએ વપરાય છે. શિક્ષક બધા વિષયોમાં પારંગત હોવો જોઈએ. વિશ્વાસમાં નડતર વહેમ હોય છે, વિશ્વાસથી સંવાદ કરે તે આચાર્ય.ગુરુ શિક્ષકના ચાર પ્રકારો કહીએ તો તેમાં શિક્ષક, આચાર્ય,ગુરુ અને સદગુરુ આવે! ગુરુ યાને વિવેક, શિક્ષક વિવેકી હોવો જોઈએ. તેનામાં વાણી વિવેક, વર્તન વિવેક અને વેશ વિવેક હોવો જોઈએ. વેશભૂષા પર બાપુએ પોતાના જીવનનો સરસ પ્રસંગ વર્ણવીને શિક્ષકોને પોતાના કપડામાં પણ સાદગીથી જીવવા સંદેશ પૂરો પાડ્યો હતો.

આજની કથામાં મહંતશ્રીઓ નિર્મળાબા-પાળીયાદ, રાજેન્દ્ર દાસ બાપુ તોરણિયા, ભારતીબાપુ હરિહરાનંદજી, ચિતંક જય વસાવડા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતાં.

ધારાસભ્ય કલોલની માતા-બ્હેનોને કેરલ સ્ટોરી ફિલ્મ બતાવશે

ગાંધીનગર, તા. ૧૪

કલોલના ભાજપના ધારાસભ્ય લક્ષ્મણજી ઠાકોરે ''ધ કેરાલા સ્ટોરી'' ફિલ્મ કલોલ વિસ્તારની માતા-બ્હેનોને ૧૪, ૧૫ અને ૧૬ મે દરમ્યાન નિઃશુલ્ક બતાવવાનો નિર્ણય કર્યો છે.

''ધ કેરાલા સ્ટોરી''ને કરમુક્તિ આપવામાં આવે ના આપવામાં આવે તેવા રાજકીય વિવાદ વચ્ચે કલોલના ધારાસભ્યએ આ નવી પહેલ કરી છે. આ ત્રણેય દિવસના બે-બે શૉ તેમણે સંસ્કૃતિ સિનેમા (મુવી પ્લેક્સ) એસ.ટી. વર્કશોપની સામેમાં ખાસ બુક કરાવ્યા છે.

ધ કેરલ સ્ટોરીએ અત્યાર સુધીમાં ૧૧૨.૪૯ કરોડની કમાણી કરી લીધી છે. આ ફિલ્મ તેના આરંભથી જ વિવાદમાં રહી હતી.

ટચુકડી
જાહેર ખબર
દર રવિવારે
જાહેરાત માટેનું
અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
ASTRAL PIPES
Pidilite Roff
Birla White
VINAYAK500 ટી.એમ.ટી. સળીયા
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. : (ઓ) ૯૬૮૭૬ ૨૭૦૦૮
શાખા :
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૪૩૨૧૮૬, ૯૦૯૯૯૬૨૯૪૬
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

પાટનગરનું પોતાનું અખબાર
ગાંધીનગર સમાચાર
આપની આસપાસના
● પર્વો-પ્રસંગોની ઉજવણીના ખબર ●
● ઘટના-દુર્ઘટનાના સમાચાર - ફોટોગ્રાફ્સ ●
● શાળા-કોલેજમાં થતી ઉજવણી - પ્રવૃત્તિઓના સમાચાર ●
આપના પોતાના અખબારમાં
પ્રસિદ્ધિ માટે તાત્કાલિક મોકલવા વિનંતી
અમને વોટ્સએપ અથવા ઈ-મેઈલ કરો
વોટ્સએપ નંબર : 8758512466
E-mail : gandhinagarsamachar@gmail.com
ગાંધીનગર સમાચાર
૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧
નોંધ : જન્મદિવસનો ફોટોગ્રાફ અને વિગત અગાઉના દિવસે બે વાગ્યા પહેલા ફક્ત E-mail પર જ મોકલવા વિનંતી.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com